અપીલ અરજી નં.૨૯૮ તા.૧૬–૧–૦૯

અરજદાર: શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી
સામાવાળા: ડે.કમિશ્નર (હેઅનેહો) જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન)

## ફરીયાદની હકીકત:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી ની તા.૪–૧૨–૦૮ની અરજીથી સુરત મહાનગરપાલિકાને વોર્ડ નં.૩૦ માં આવતી સોસાયટીઓને આરોગ્ય વિભાગ તરફથી સાફસફાઈ માટે મળતી અનુદાનની રકમ અને જે સોસાયટીઓ વોર્ડ નં.૩૦ માં અનુદાન મેળવે છે તેઓના પ્રમુખ અને મંત્રીની યાદી માહિતી તથા જાન્યુ.૨૦૦૬ થી ડિસે.૨૦૦૮ સુધી અનુદાન મેળવતી સોસાયટીઓની વિગત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૯૮/૨૦૦૮–૦૯

શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી ની તા.૪–૧૨–૦૮ની અરજીથી સુરત મહાનગરપાલિકાને વોર્ડ નં.૩૦ માં આવતી સોસાયટીઓને આરોગ્ય વિભાગ તરફથી સાફસફાઈ માટે મળતી અનુદાનની રકમ અને જે સોસાયટીઓ વોર્ડ નં.૩૦ માં અનુદાન મેળવે છે તેઓના પ્રમુખ અને મંત્રીની યાદી માહિતી તથા જાન્યુ.૨૦૦૬ થી ડિસે.૨૦૦૮ સુધી અનુદાન મેળવતી સોસાયટીઓની વિગત આપવા બાબતે ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૩૭૦ તા.૩૧–૧૨–૦૮ થી આપેલ જવાબમાં માંગ્યા મુજબની માહિતી ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૯૯ તા.૨૩–૧–૦૯ થી ડે.કમિશ્નર (હેઅનેહો) જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને એસઈઝેડ/એસ્ટા/આ.નં.૩૮૫૦ તા.૩–૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૩–૧૨–૦૮ની મધ્યસ્થ કચેરીને કરેલ અરજી આરટીઆઈ હેઠળ લીંબાયતઝોનમાં ઈ.નં.૩૪૧૦ તા.૪–૧૨–૦૮ થી આઈ ડી.નં.૨૪૧ થી નોંધાયેલ રસીદ નં.૯૯૭૮ તા.૨૯–૧૨–૦૮ ના રોજ નિયત ફી ભરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સા.ઈ.ઝોન/મહેકમ/૩૩૭૦ તા.૩૧–૧૨–૦૭ થી વોર્ડ નં.૩૦ લીંબાયત ઝોન અનુદાન મેળવતી સોસાયટી તથા અનુદાનની રકમની માહિતી પુરી પાડવામાં આવે છે. જેની સામે અપીલ અરજીમાં સોસાયટીના પ્રમુખ મંત્રી હોદ્દેદારોની માહિતી તથા ચેકની વિગતો નહીં પુરી પાડવા અંગે અપીલ અરજી કરેલ છે. અને સદર યાદી ઈરાદાપૂર્વક નહીં આપવા અને ચેકની માહિતી ઉપલબ્ધ નથી તે બાબતે રજુઆત કરેલ છે. તેમજ વોર્ડ નં.૩૦ ના કોર્પોરેટરના મળતીયાઓ અનુદાનની રકમ સફાઈ નહીં કરાવી ચાઉં કરી જતાં હોય તેવી રજુઆત કરેલ છે. અરજદારે અપીલની રજુઆતમાં ભારપૂર્વક જણાવેલ છે કે સોસાયટીના પ્રમુખ–મંત્રીના નામ સરનામાંની વિગત વિના ચેક નિશ્ચિત જગ્યાએ પહોંચાડવાનો રહેતો હોઈ જાહેર માહિતી અધિકારી કક્ષાએ આ માહિતી હોય જ. વધુમાં ખોટી માહિતી પૂરી પાડવા સબબ પગલાં લેવા પણ રજુઆત કરેલ છે.

અરજદારને પૂરક માહિતીમાં પુરી પાડેલી વિગતોમાં સા.ઈ. ઝોન/મહેકમ/૩૮૪૮ તા.૩–૨–૦૯ થી વોર્ડ નં.૩૯ ડીંડોલીમાં અનુદાન મેળવતી સોસાયટીના પ્રમુખ/સેક્રેટરી ના નામ સરનામાં ધરાવતી યાદી અરજદારને પુરી પાડયાની નકલ અત્રે રજુ કરેલ છે. તેમજ અરજદારને સદર પત્રો મોકલ્યાની પોસ્ટની નકલની પહોંચ અત્રે રજુ કરેલ છે. આઉપરાંત ચેકની વિગતો અંગેની માહિતી પુરી પાડવા સા.ઈ.ઝોન/લીંબાયત/આ.નં.૩૮૨૯ તા.૩૧–૧–૦૯ થી ચીફ એકાઉન્ટન્ટ અને મ. જાહેર માહિતી અધિકારીને અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ છે.

આરટીઆઈની કલમ ૬(૧) હેઠળ નિયત ફી સહિત અરજી કરવાની હોવા છતાં અરજદારની તા.૪–૧૨–૦૮ ની ફી વિનાની અરજી સ્વીકારી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને ફી ભરવા સૂચિત કરી કાર્યવાહી હાથ ધરેલ છે. જે કાયદાના હાર્દ અને જોગવાઈનું જાહેર માહિતી અધિકારી કક્ષાએ અનુસર્યાનું સ્પષ્ટ કરે છે. અરજદારે માંગેલ સોસાયટીના પ્રમુખ સેક્રેટરીના નામ,સરનામાં તથા ચૂકવાયેલ ચેકની વિગત મંજુરકર્તા સત્તાધિકારી કક્ષાએથી નાણાંકીય બાબત ધ્યાને લેતું હોવાનું અનિવાર્ય છે. જે પૈકી ચેક સિવાયની વિગતો જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરા પાડયાનું જણાય છે. આમ માહિતી અધૂરી અપાયેલ છે. ચેકની વિગત અંગે લગભગ ૨૯ દિનના વિલબંથી હિસાબી વિભાગના મ. જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે. અરજદારે માંગેલ માહિતી પૈકી અનુદાન અંગેની વિગતો આરટીઆઈ કાયદાની કલમ–૪ હેઠળના ૧૨ અને ૧૩ માં મેન્યુઅલ હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય પૈકીની પણ ગણાય.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પુરી પડાયેલ ચેક નંબરની માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા આસી.કમિશ્નર (ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબનીશ ખાતા)ને જણાવવામાં આવે છે.

કાયદાની કલમ–૨૦ હેઠળ અધૂરી માહિતી અંગે પગલાં લેવાની સત્તા નામદાર ગજરાત માહિતી આયોગ ગાંધીનગરને હોઈ અત્રેથી તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ,***

(૧) ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન) અને આસી.કમિશ્નર (ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબનીશ ખાતુ) ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી